**ઇજારદારશ્રીએ રજુ કરવાના ડોકયુમેન્ટ :**

**(ટેન્ડર ફોર્મ સાથે નીચેના દસ્તાવેજો રજુ કરવાના રહેશે અન્યથા ટેન્ડર ફોર્મ અમાન્ય ગણવામાં આવશે)**

૧) ટેન્ડર ભરનારે પોતાનું નામ, સરનામુ, પેઢીનું નામ, ભાગીદાર હોય તો તેના નીયત દસ્તાવેજ

૨) કરંટ કેલેન્ડર વર્ષનું રાષ્ટ્રીયકૃત બેન્કનું એસ્ટીમેટની રકમના ૨૦% નું સોલ્વન્સી સર્ટીફીકેટ

૩) **સરકારશ્રીમાં નર્મદા જળસંપતિ અથવા માર્ગ અને મકાન વિભાગમાં નોંધાયેલ Registration Category "E-1" Class and Above**

૪) પાનકાર્ડની સ્વપ્રમાણિત નકલ.

૫) નીયત રકમ રૂા.૯૦૦/- ની ટેન્ડર ફીનો ડી.ડી."Deputy Conservator of Forests, Bhavnagar Forest Division, Bhavnagar" ના નામનો

૬) નીયત રકમ રૂા.૨૪,૭૦૦/- ની ઇ.એમ.ડી.નો ડી.ડી. "Deputy Conservator of Forests, Bhavnagar Forest Division, Bhavnagar" ના નામનો

૭) છેલ્લા ત્રણ વર્ષનું ઇન્કમટેક્ષ રીર્ટન સર્ટીફીકેટ

૮) છેલ્લા ત્રણ વર્ષના ટર્નઓવરની CA Certificate ની વિગતો.

૯) જી.એસ.ટી. સર્ટીફીકેટની સ્વપ્રમાણિત નકલ

૧૦) એજન્સી ધ્વારા કોઇ કામ અધુરૂ છોડાયેલ નથી તેમજ એજન્સી બ્લેક લીસ્ટેડ થયેલ નથી તે બાબતનું સ્વ.ઘોષણાપત્ર પાર્ટીનાં પોતાના લેટર પેડ ઉપર તૈયાર કરી રૂા.૩૦૦ ના સ્ટેમ્પ ઉપર Notarized Affidavit કરાવી ફીજીકલ ડોકયુમેન્ટ સાથે રજુ કરવાનું રહેશે. (આ ટેન્ડર બહાર પાડયા પછીની તારીખનું જ રજુ કરવાનુ રહેશે.) (Annexure-01)

૧૧) ભાવનગર વન વિભાગ હેઠળ ફરજ બજાવતા અધિકારી/કર્મચારી સાથે ઇજારદાર લોહીનો સબંધ ધરાવતા નથી. તે બાબતનું પ્રમાણપત્ર રૂ.૩૦૦/- ના સ્ટેમ્પમાં નોટરી કરેલ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. (આ ટેન્ડર બહાર પાડયા પછીની તારીખનું જ રજુ કરવાનુ રહેશે.) (Annexure-02)

# નિયમો અને શરતો

1) માર્ગ અને મકાન ખાતુ ગુજરાત રાજ્યની જોગવાઈ મુજબ SBD ટેન્ડર ફોર્મમાં કરાર કરવાના રહેશે.

2) **અત્રેના વિભાગ હેઠળ કુલ અંદાજિત ૭૬ મંચાણ બનાવી સ્થળ પર ઉભા કરવાનાં થાય છે. વિભાગ પાસે નાણાંકીય ઉપલબ્ધતાને આધિન સદરહુ સંખ્યામાં ફેરફાર થઇ શકે. જે પાર્ટીને બંધનકર્તા રહેશે.** (નાણાકીય ઉપલબ્ધતા ન થયેથી અથવા વહીવટી કારણોસર ટેન્ડર રદ કરવાની સત્તા નાયબ વન સંરક્ષકશ્રી, ભાવનગરની રહેશે. પાર્ટીએ ટેન્ડરમાં આપવામાં આવેલ અંદાજપત્રકના સ્પેશીફીકેશન પ્રમાણેના માલ-સામાનમાંથી તૈયાર કરવામાં આવેલ માંચડા (ફાઉન્ડેશન સહીત) ના આ વિભાગ હેઠળ આવેલ રેન્જોના ગામોમાં સબંધિત રેન્જ ફોરેસ્ટ ઓફીસર દ્વારા દર્શાવવામાં આવેલ સ્થળોએ ફાઉન્ડેશન કરી,મંચાણ (માચડા) ફીટ કરી આપવા સાથેના **(તમામ લાગુ ટેક્ષ સાથે)** ના ભાવ ભરવાના રહેશે.

3) કોઈ પણ શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

4) ઇજારદાર દ્વારા સ્થળ પર ફીટ કરવામાં આવેલ મંચાણ ટેન્ડરમાં આપવામાં આવેલ અંદાજપત્રકના સ્પેશીફીકેશન મુજબ દર્શાવવામાં આવેલ માલ-સામાનમાંથી તૈયાર કરવામાં આવેલ નહી હોય તો મંચાણ રીજેકટ કરવામાં આવશે અને ઇજારદારે પોતાના ખર્ચે સપ્લાય કરવામાં આવેલ મંચાણ પરત લઈ જવાના રહેશે.

5) આ કોન્ટ્રાક્ટની કામગીરી પુર્ણ કરવાની મુદત વર્ક ઓર્ડર મળ્યાથી ૯૦ દિવસ સુધીની રહેશે. જરૂરી જણાય તો નાયબ વન સંરક્ષકશ્રી આ સમયમર્યાદામાં જરૂરી વધારો કરી શકાશે. તેમજ પાર્ટીની સહમતી બાદ કોન્ટ્રાક્ટની મુદતમાં 1 વર્ષ અથવા 31.03.2028 સુધી વધારો કરી શકાશે.

6) ન્યાયની અદાલતમાં શિક્ષા પામેલ, નૈતિક અધ:પતનનાં ગુન્હા સંબંધમાં શિક્ષા પામેલ, બ્લેકલીસ્ટ થયેલા, 18 વર્ષથી ઓછી ઉંમરના હોય કે વન ખાતાની લેણી રકમ ભરવામાં નિષ્ફળ થયા હોય તે ઇસમોને ઇજારામાં માંગણી કરવા દેવામાં આવશે નહી. તેમજ તેઓએ ભરેલ ટેન્ડર અમાન્ય ગણવામાં આવશે. તેમજ પાછળથી આવુ જાણવા મળ્યેથી તેમની સામે સરકારી કચેરીથી માહિતી છુપાવ્યા બદલ નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

7) કામગીરી બાબતની શરતો તેના અમલ અર્થે તેમજ ચુકવણા અર્થે કોઈ વિવાદ ઉપસ્થિત થાય તો તે અંગે રેન્જ ફોરેસ્ટ ઓફિસર, રેન્જ કક્ષાની સમિતીનો નિર્ણય આખરી ગણવામાં આવશે અને આ નિર્ણય સામે અપિલ નાયબ વન સંરક્ષકશ્રી, ભાવનગર વન વિભાગ, ભાવનગરને કરી શકશે.

8) કામગીરી મંજુર થયેલ અંદાજપત્રક મુજબ રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રીના માર્ગદર્શન / સુચના મુજબ કામગીરી કરવાની રહેશે. વધુ માર્ગદર્શન મદદનીશ વન સંરક્ષકશ્રી પાસેથી મેળવવાનું રહેશે.

9) સમયસર કામગીરી કરવામાં નહી આવે તો નુક્શાનીનું વળતર ઈજારાદાર પાસેથી વસુલ કરવામાં આવશે. આ અંગે સરકારશ્રીને થતું કોઇપણ નુક્શાન બંધનકર્તા ઈજારાદાર પાસેથી સીધી રીતે વસુલ નહી આવે તો જમીન મહેસુલની બાકી તરીકે તેમની પાસેથી અથવા તેમના વાલી વારસા પાસેથી વસુલ કરવામાં આવશે.

10) કામગીરી જણાવેલ સમયમર્યાદામાં પુર્ણ કરવામાં નહી આવે તો કરારની કિંમતના 0.1% લેખે પ્રતિ દિન, કામ પુરૂ કરે ત્યાં સુધી ઈજારાદાર પાસેથી ચાર્જ વસુલવામાં આવશે

11) ઇજારદાર દ્વારા જણાવેલ કામગીરી સમયમર્યાદામાં અને ગુણવત્તાના ધોરણે પૂર્ણ કરવામાં નહી આવે તો દિન-3ની નોટીસ આપી, ઇજારો તાત્કાલિક અસરથી રદ કરવામાં આવશે અને તેઓ દ્વારા ભરેલ સીક્યુરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે અને તે પછીના ભાવ ધરાવતી બીજી તથા ત્રીજી પાર્ટી પાસે કામગીરી કરાવવામાં આવશે અને તેઓ આ કામગીરી કરવા ઇચ્છુક ન હોય તો રી-ટેન્ડરીંગ કરી નવેસરથી ભાવો મંગાવવામાં આવશે. આ પ્રક્રીયામાં જે-તે ભાવ તફાવત અગાઉના મંજુર થયેલ ભાવના ઇજારદારે ચુકવવાના રહેશે. જે તેઓને બાધ્ય રહેશે.

12) જે પાર્ટીનું ટેન્ડર L1 તરીકે મંજુર થયેલ હશે તેના કામની ચકાસણી વખતો-વખત સંબંધિત રે.ફો.ઓ. દ્વારા કરવામાં આવશે. જે દરમ્યાન L1 પાર્ટી દ્વારા સમયસર કામગીરી થઇ શકે તેમ નથી તે પરીસ્થિતીમાં બાકીની પાર્ટીઓ (L2,L3....) સદરહુ કામગીરી પૈકીની બાકી રહેલ કામગીરી માટે જે પાર્ટી L1 પાર્ટીના મંજુર થયેલ ભાવમાં કામગીરી કરવા સહમત હશે તો તેવી તમામ પાર્ટીને બાકી રહેલ કામગીરીની વહેંચણી કરી, વાટાઘાટ કરવાનો નાયબ વન સંરક્ષકશ્રી, ભાવનગર વન વિભાગ, ભાવનગરનો અબાધીત હક રહેશે. જે શરત ટેન્ડર ભરનાર પાર્ટીને બંધનકર્તા રહેશે.

13) બનાવવાના થતા મંચાણનો પ્રતિ મંચાણ વજન અંદાજપત્રકમાં દર્શાવેલ જથ્થાથી ઓછો ન હોવો જોઈએ. ઓછો વજનવાળા મંચાણ રીજેક્ટ કરવામાં આવશે અને જેનો થયેલ ખર્ચ જે-તે પાર્ટીએ ભોગવવાનો રહેશે. જેનું વળતર મળવાપાત્ર રહેશે નહી.

14) સરકારશ્રીના પ્રવર્તમાન ઠરાવની જોગવાઇ અનુસાર જે ઇજારદારના ભાવો L1 તરીકે મંજુર થયેલ છે તે મંજુર થયેલ મંચાણ (ફાઉન્ડેશન) ની કિંમતના 75% રકમ નાયબ વન સંરક્ષકશ્રી, ભાવનગરની કચેરી દ્વારા તેમજ 25% રકમ લાભાર્થી ફાળો જે-તે લાભાર્થી દ્વારા ચુકવવામાં આવશે. આ બાબતે રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રી દ્વારા પુરી પાડવામાં આવેલ લાભાર્થીઓની યાદી પૈકી સબંધિત લાભાર્થી પાસેથી 25% રકમ મેળવી આ અંગેની પહોંચ/પાવતી સબંધિત લાભાર્થી તથા રે.ફો.ઓ.ને આપવાની રહેશે. સદરહુ પાવતી સબંધિત રે.ફો.ઓ.ને રજુ કર્યા બાદ જ ઇજારદારને ચુકવણા કરવામાં આવશે.

15) કોન્ટ્રાક્ટર આ કામ <u>અન્ય પેટા કોન્ટ્રાક્ટરને સીધી કે પરોક્ષ</u> રીતે આપી શકશે નહી.

16) કુદરતી આપતિ અથવા અન્ય <u>કારણોસર નુકશાન થશે</u> તો તેની કોઇ વધારાની રકમ મળશે નહી.

17) **ટેન્ડર ભરતા પહેલા ટેન્ડર ભરનારે તમામ બાબતોને ધ્યાનમાં રાખી ભાવ આપ્યો છે એમ માની લેવામાં આવશે. ટેન્ડર મંજુર થયા પછી કોઈ પણ દાદ ફરીયાદ સાંભળવામાં આવશે નહી.**

18) **મંજુર થયેલ ટેન્ડર ટેન્ડરની કામગીરીની ગુણવત્તા બાબતે, સરકારશ્રીના હિતમાં તેમજ અન્ય કોઈ પણ કારણોસર રદ કરવાની સત્તા નાયબ વન સંરક્ષકશ્રી, ભાવનગરની રહેશે અને તે બાબતે અરજદારની કોઇ રજુઆત સાંભળવામાં કે તેનો જવાબ આપવા ના.વ.સ.શ્રી, ભાવનગર બાધ્ય નથી.**

19) ટેન્ડર ખોલ્યા બાદ ભાવો અંગે અત્રેથી બોલાવવામાં આવે ત્યારે નાયબ વન સંરક્ષકશ્રીની રૂબરૂમાં હાજર થવાનું રહેશે. ટેન્ડર મંજુર થયેથી ઇજારદારે રકમ **રૂ.300/- ના સ્ટેમ્પ પેપર** પર શરતો પ્રમાણે જરૂરી કરારનામું કરવાનું રહેશે. આવી માંગણી તેમને બંધનકર્તા રહેશે.

20) **કામગીરીના ચુકવણાના ઉપર નિયમોનુંસાર ઇન્કમ ટેક્ષ, સરચાર્જ, લેબરશેષ, જી.એસ.ટી, ટી.ડી.એસ વગેરે વસુલ કરવામાં આવશે.**

21) કામગીરી વન વિભાગના કાર્યક્ષેત્રમાં કરવાની થતી હોવાથી વન વિભાગની મિલ્કત કે વન્યસૃષ્ટિને કોઈ નુક્શાન ન થાય તે અંગેની તકેદારી રાખવાની રહેશે. મટીરીયલ્સ લઇ જવા માટે સ્થાનિક ઉપયોગમાં હોય તે જ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

22) કામગીરી વન વિભાગના કાર્યક્ષેત્રમાં થતી હોવાથી કોન્ટ્રાક્ટર દ્વારા રાખવામાં આવેલ માણસો દ્વારા વન વિભાગની મિલ્કતને કે વન્યસૃષ્ટિને નુક્શાન પહોંચાડશે તો તેની સઘળી જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે, તેમજ વન્યસૃષ્ટિને પહોંચાડેલ નુકશાન અન્વયે વન વિભાગના નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

23) તેમજ કામગીરીના સ્થળ સિવાયના અન્ય સ્થળ પર તેઓ ફરતા પકડાશે તો વન વિભાગના નિયમોનુંસારની કાર્યવાહી કરવામાં આવશે તથા વન્ય પ્રાણી દ્વારા તેમને કે તેમના માણસોને ઇજા પહોંચાડવામાં આવશે તો તેની વન વિભાગની જવાબદારી રહેશે નહી.

24) ગુજરાત બાંધકામ મેન્યુઅલની જોગવાઈ મુજબ માપપોથીમાં કામોના માપ નોંધવાના રહેશે અને કોન્ટ્રાક્ટરે પ.વ.અ.શ્રી પાસેથી તેની ખાતરી બદલની સહી કરાવવાની રહેશે તથા કામગીરીના દરેક તબક્કે Hidden Measurement તેમજ અન્ય જરૂરી ચકાસણી મદદનીશ વન સંરક્ષકશ્રી પાસે કરાવવાની રહેશે.

25) ભાગીદારીમાં ભાવ ભરનારે રજીસ્ટર્ડ ભાગીદારીનું સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે. જો તેઓના ભાવ મંજુર થાય તો બધા ભાગીદારો અથવા કોઇ એક ભાગીદારને સરકારશ્રી જવાબદાર ગણી શકશે અને તેની સામે નિયમોનુસારની કાર્યવાહી કરી શકશે.

26) કોઈ પણ કાયદાકિય પ્રક્રિયાનું ન્યાયિક કાર્યક્ષેત્ર ભાવનગર રહેશે.

27) ઉપરની શરતો અંગે ભંગ થયેથી તેમજ રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રીની અત્રેને કામગીરી રોકવાની જાણ કર્યાથી તુરંત જ કામગીરી વગર નોટીસે બંધ કરવામાં આવશે અથવા બાકી બીલ રદ કરવામાં આવશે. આ હુકમમાં ફેરફાર કરવાનો અધિકાર નાયબ વન સંરક્ષકશ્રી, ભાવનગર વન વિભાગ, ભાવનગરને રહેશે.

28) કુદરતી આપતિ અથવા અન્ય કોઈ કારણોસર કોઈ માણસ જીવનની અથવા તો માલ-સામાન અથવા તો કોઇ બીજી વસ્તુની નુકશાની થશે તો કોઈ વધારાની રકમ મળશે નહી.

29) મંચાણ બનાવવાની કામગીરીમાં વપરાતા મટીરીયલ્સની ગુણવત્તા બાબતે પ્રામાણિક સંસ્થા પાસેથી લેબોરેટરી રિપોર્ટ મેળવી ઈજારાદારે રજુ કરવાનો રહેશે.

30) ફીઝીકલ ડોક્યુમેન્ટ નિયત સમયે રજુ કરવામાં નહી આવે તો ટેન્ડર રદ કરવામાં આવશે.

31) એજન્સી દ્વારા કોઇ કામ અધુરૂ છોડાયેલ નથી તેમજ એજન્સી બ્લેક લીસ્ટેડ થયેલ નથી. તે બાબતનું તમામ જવાબદાર વ્યક્તિઓ દ્વારા અત્રેને પ્રમાણપત્ર આપવાનું રહેશે.

32) ઓનલાઇન ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરવા / અપલોડ કરવામાં કઇ પણ ટેકનીકલ ફોલ્ટ હશે તો અત્રેની કચેરી જવાબદાર નથી.

33) ઇજારદારે ભરેલ સિક્યોરીટી ડીપોઝીટની રકમ કામગીરી પૂર્ણ થયા પછી લગત પરિક્ષેત્ર વન અધિકારીશ્રી દ્વારા કામગીરી પૂર્ણ થયાનું કમ્પ્લીશન સર્ટીફીકેટ મળ્યા બાદ જ છુટી કરવા માટેની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

34) જો કોઇ પાર્ટી ટેન્ડરની શરતોનો ભંગ કરતા ડોક્યુમેન્ટ રજુ કરશે, સરકારને ગેર માર્ગે દોરશેકે ખોટા ડોક્યુમેન્ટસ રજુ કરશે. તેવી પાર્ટીને કોઇ પણ નોટીસ વિના રદ કરવામાં / ગણવામાં આવશે.

35) ઉપરોક્ત ટેન્ડરના ફિઝીકલ ડોક્યુમેન્ટ રજી.એ.ડી., સ્પીડ પોસ્ટ અથવા રૂબરૂ તા 04/07/2026 સમય.18:00 સુધી સ્વીકારવામાં આવશે. ત્યારબાદ મળેલ ફીઝીકલ ડોક્યુમેન્ટ મળેલ નથી તેમ માની તેમનુ ટેન્ડર ખોલવામા નહી આવે.

અમો એ વાતથી વાકેફ છીએ કે, અમો દ્વારા ખોટા દસ્તાવેજો રજુ કરવા, સરકારને ગેર માર્ગે દોરવા કે સરકારના નીતિ-નિયમોનો ભંગ કરવાથી અમો બ્લેક લિસ્ટ થઇ શકીએ છીએ તથા ઉપર પ્રમાણેની શરતો મેં વાંચી, વચાવી તથા સમજી આ ભાવ ભરીએ છીએ તથા ઉપરોક્ત તમામ શરતો મને કબુલ છે. તેની ખાત્રી બદલ સહી કરેલ છે.

તા.   /   /2026

……………………………………………

**Annexure-01**

(રૂ. ૩૦૦/- ના સ્ટેમ્પ ઉપર નોટરાઈઝડ સોગંદનામુ)

## સ્વ. ઘોષણાપત્ર

આથી હું.................................................................................................... એજન્સી ........................................................... સોગંદ પર જણાવુ છુ, કે અમો કે અમારી એજન્સી સરકારી, અર્ધ સરકારી કચેરી, સંસ્થા, બોર્ડ કે નિગમ વિગેરે દ્રારા ક્યારેય પણ બ્લેક લીસ્ટ કરવામાં આવેલ નથી તેમજ ન્યાયની અદાલતમાં શિક્ષા પામેલ નથી, તેમજ નૈતિક અધઃપતનનાં ગુન્હા સબંધમાં ક્યારેય શિક્ષા પામેલ નથી કે બ્લેકલીસ્ટ થયેલા નથી, તેમજ સરકારશ્રીની લેણી રકમ ભરવામાં મારી પેઢી નિષ્ફળ થયેલ નથી કે સરકારી કોઈ તપાસ/કેસ ચાલુ કે પડતર નથી તેમજ અમો/ અમારી પેઢીને બેન્ક દ્રારા નાદાર જાહેર કરાયેલ નથી.

સ્થળ :

તારીખ :

ઈજારાદારની સહી

**Annexure-02**

(રૂ. ૩૦૦/- ના સ્ટેમ્પ ઉપર નોટરાઈઝડ સોગંદનામુ)

**<u>પ્રમાણપત્ર</u>**

આથી હું.......................................................................................................... એજન્સી ........................................................... સોગંદ પર જણાવુ છુ, કે ભાવનગર વન વિભાગ, ભાવનગરની કચેરીમાં અમારી સાથે લોહીનાં સબંધ ધરાવતા કોઇ અધિકારી/કર્મચારી ફરજ બજાવતા નથી જે બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ :

તારીખ :

ઈજારાદારની સહી